દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૨૨ ઓગસ્ટ, ૨૦૨૬

# ડિગ્રી લેનારાઓમાંથી માત્ર 8.25 ટકા જ સ્કિલ્ડ!, શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવવું જરૂરી

તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલા 'Reimagining Skilling for Viksit Bharat@2047' નામના અહેવાલે દેશના શિક્ષણ ક્ષેત્રે ભયઘંટડી વગાડી દીધી છે. અહેવાલ અનુસાર, દર વર્ષે દેશની કોલેજો અને યુનિવર્સિટીઓમાંથી લાખો વિદ્યાર્થીઓ હાથમાં ડિગ્રી મેળવીને બહાર નીકળે છે, પરંતુ તેમાંથી માત્ર ૮.૨૫ ટકા સ્નાતકો જ પોતાની લાયકાત અને કૌશલ્ય મુજબની યોગ્ય નોકરી મેળવવા માટે સક્ષમ છે! આ પરિસ્થિતિ માત્ર આંકડાકીય વિસંગતતા નથી, પરંતુ આપણા દેશના ભવિષ્ય માટે એક ગંભીર ચિંતાનો વિષય છે.

આજના સમયમાં ભણેલા-ગણેલા યુવાનો પાસે ઉચ્ચ ગુણ ધરાવતી માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ્સની કોઈ કમી નથી. પરંતુ, જ્યારે વાત વ્યવહારુ જ્ઞાન, નિર્ણાયક વિચારસરણી અને ઉદ્યોગોની વર્તમાન જરૂરિયાતો મુજબની સ્કિલ્સ પૂરી પાડવાની આવે છે, ત્યારે મોટાભાગના યુવાનો પાછળ રહી જાય છે. હાલમાં દેશમાં BA, BSc અને BCom જેવા પરંપરાગત અને સામાન્ય અભ્યાસક્રમોમાં ૨ કરોડથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ યુવાનો પાસે સૈદ્ધાંતિક જ્ઞાન તો હોય છે, પરંતુ શ્રમ બજારમાં માંગવામાં આવતા વ્યવસાયિક કૌશલ્યનો અભાવ જોવા મળે છે. એક રિપોર્ટ મુજબ, નવેમ્બર ૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૫ વચ્ચે માત્ર ૫૫,૦૦૦ સરકારી જગ્યાઓ માટે ૧.૮૬ કરોડથી વધુ યુવાનોએ અરજીઓ કરી હતી. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ખાનગી ક્ષેત્રમાં તકો હોવા છતાં યોગ્ય કૌશલ્યના અભાવે યુવાનો ત્યાં જોડાઈ શકતા નથી અને સરકારી નોકરીઓ માટે જંગી અરજીઓનો ખડકલો થાય છે.

હાલના સમયમાં ભણેલા યુવાનોમાં કૌશલ્યનો અભાવ હોવા પાછળ અનેક પરિબળો જવાબદાર છે: આપણી મોટાભાગની શાળા અને કોલેજો હજુ પણ ગોખણપટ્ટી અને કાગળ પરની પરીક્ષાઓ પર નિર્ભર છે. વર્ગખંડોમાં જે ભણાવવામાં આવે છે તે વાસ્તવિક કોર્પોરેટ કે ઔદ્યોગિક જગતના પડકારોથી ઘણું અલગ હોય છે. અભ્યાસક્રમ સમયસર અપડેટ થતો નથી. ઉચ્ચ શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકીય જ્ઞાન આપવામાં આવે છે. ઉદ્યોગો સાથેનું સીધું જોડાણ નહિવત્ જેવું હોય છે, જેના કારણે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ તાલીમ કે લાઇવ પ્રોજેક્ટ્સ પર કામ કરવાનો અનુભવ મળતો નથી. આજના યુગમાં માત્ર ટેકનિકલ જ્ઞાન પૂરતું નથી. સંચાર કૌશલ્ય, ટીમવર્ક, પ્રોબ્લેમ સોલ્વિંગ, ક્રિટિકલ થીંકિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કે ડિજિટલ સાક્ષરતા જેવી બાબતો દરેક ક્ષેત્રમાં જરૂરી બની છે, પણ કોલેજોમાં આ પાસાઓ પર પૂરતો ભાર મૂકવામાં આવતો નથી.

હવે માત્ર તાલીમ પામેલા લોકોની સંખ્યા ગણવાને બદલે તેમને ખરેખર કેટલી નોકરીઓ કે વેતન-વૃદ્ધિ મળી તેના આધારે યોજનાઓની સફળતા માપવાની ભલામણ કરવામાં આવી છે. નીતિ આયોગ દ્વારા ૫ મુખ્ય સુધારાઓનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે: પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણથી જ વિદ્યાર્થીઓને વોકેશનલ અને સ્કિલ-બેઝ્ડ શિક્ષણ આપવું, ટેકનિકલ અને ઉચ્ચ શિક્ષણમાં પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ વધારીને ખાનગી ક્ષેત્રને સીધું સાંકળવું, પરિણામ-સંકળાયેલ અને ઉદ્યોગ-સમર્થિત તાલીમ કાર્યક્રમો શરૂ કરવા, દરેક વિદ્યાર્થી માટે અનિવાર્ય એપ્રેન્ટિસશીપ સુનિશ્ચિત કરવી જેથી તેમને પ્રત્યક્ષ અનુભવ મળે, યોગ્ય સમયે વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન અને જાગૃતિ પૂરી પાડવી. આ ઉપરાંત, દરેક વ્યક્તિ માટે 'ડિજિટલ સ્કિલ્સ પાસપોર્ટ' લાવવાનો પ્રસ્તાવ અત્યંત આવકારદાયક છે. આ પાસપોર્ટમાં વ્યક્તિની તમામ તાલીમ, લાયકાત, ડિજિટલ બેજ અને કાર્યઅનુભવનો પારદર્શક રેકોર્ડ રહેશે, જે રોજગારદાતાઓ માટે પણ ઉમેદવારની સાચી ક્ષમતા ઓળખવામાં મદદરૂપ થશે.

હવે સમય આવી ગયો છે કે આપણે આપણી શિક્ષણ પ્રણાલીને 'ડિગ્રી-ફર્સ્ટ' મોડેલમાંથી બદલીને 'સ્કિલ-ફર્સ્ટ' મોડેલમાં રૂપાંતરિત કરીએ. યુનિવર્સિટીઓએ પોતાના અભ્યાસક્રમો ઉદ્યોગ જગતના તજજ્ઞો સાથે મળીને તૈયાર કરવા જોઈએ, યુવાનોએ પણ માત્ર માર્કશીટના ટકા પાછળ દોડવાને બદલે નવી ટેકનોલોજી, કૌશલ્ય અને પ્રશ્નો ઉકેલવાની ક્ષમતા કેળવવા પર ધ્યાન આપવું પડશે.

ભારત પાસે વિશ્વની સૌથી મોટી યુવા વસ્તી છે. જો આ યુવાધનને યોગ્ય કૌશલ્ય અને દિશા આપવામાં આવે, તો ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી આર્થિક મહાસત્તા બની શકે છે. પરંતુ જો આ ભણેલા યુવાનો કૌશલ્યના અભાવે બેરોજગાર રહેશે, તો આ વસ્તીવિષયક લાભ એક મોટો સવાલાત્મક પડકાર બની જશે. નીતિ આયોગનો રિપોર્ટ એ માત્ર આંખ ઉઘાડનારો નથી, પરંતુ ભવિષ્યની દિશા નક્કી કરનારો છે. કાગળ પરની ડિગ્રીઓ કરતાં 'હાથનું કૌશલ્ય' અને 'મગજનો વ્યવહારુ ઉપયોગ' જ યુવાનોને સાચો રોજગાર અપાવી શકશે. જો આપણે 'વિકસિત ભારત@2047'ના સ્વપ્નને સાકાર કરવું હોય, તો આજથી જ શિક્ષણમાં કૌશલ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી પડશે.

# વિદ્યાર્થી આંદોલનથી સરકાર ઝૂકી, પણ પછી શું?

જેન ઝીનાં આંદોલને બધા નેતાઓ અને બધી સરકારોની ઊંઘ ઉડાડી દીધી છે. હમણાં હું એક સંતને મળેલો જે જાહેર જીવનના ઘટનાક્રમને તટસ્થ ભાવે જુએ છે એમણે કહ્યું કે, હવે આંદોલન શિક્ષણના પ્રશ્ને થશે. અને એમાં અનામત પ્રથા પણ એક મુદ્દો હોય શકે છે. વિદ્યાર્થી રસ્તા પર ઉતરે અને સરકાર પોતાના નિર્ણયમાં ફેરફાર કરે ત્યારે લોકશાહીની તાકાત દેખાય છે. પરંતુ કોઈપણ આંદોલનની સાચી સફળતા માત્ર સરકારને ઝૂકાવવામાં નથી. સવાલ એ છે કે સરકાર ઝૂકી પછી જે નિર્ણય લે છે, તેનાથી ખરેખર ન્યાય થાય છે કે એક અન્યાય દૂર કરવામાં બીજો અન્યાય ઊભો થાય છે?

ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિના આક્ષેપો સામે વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી રસ્તા પર રહ્યા. સરકાર સાથે વાતચીત થઈ, માંગણીઓ આગળ આવી અને અંતે સરકારે કેટલીક પરીક્ષાઓ રદ કરવાની તથા અન્ય ભરતી પ્રક્રિયાઓની તપાસ કરવાની જાહેરાત કરી. વિદ્યાર્થીઓ માટે આ સ્વાભાવિક રીતે મોટી જીત હતી. પરંતુ વાત અહીં પૂરી થતી નથી. માની લો કે કોઈ ભરતી પરીક્ષામાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો છે. એક વિદ્યાર્થી કહે છે–"પરીક્ષા જ ખોટી રીતે થઈ છે, એટલે રદ થવી જોઈએ." બીજો વિદ્યાર્થી કહે છે–"મેં તો કોઈ ગેરરીતિ કરી નથી. મેં મહેનત કરી, પરીક્ષા પાસ કરી અને નોકરી મેળવી. હવે પરીક્ષા રદ થશે તો મારી ભૂલ શું?" બંનેની વાતમાં વજન છે. અહીં સરકાર સામે સૌથી મોટો પડકાર ઊભો થાય છે. ગેરરીતિ કરનારને બચાવવો નહીં અને નિર્દોષને સજા પણ નહીં કરવી. આ બે બાબતો વચ્ચે સંતુલન કરવું એ સરકાર માટે કસોટી છે. સ્પર્ધાત્મક પરીક્ષા માત્ર એક પરીક્ષા નથી. યુવાનના જીવનનાં બે-ત્રણ વર્ષ તેની પાછળ જાય છે. પરિવારની આશાઓ જોડાય છે. કોચિંગ, પુસ્તકો, મુસાફરી અને રહેવાનો ખર્ચ થાય છે. અને સૌથી મોટી વાત–યુવાન પોતાના ભવિષ્યની યોજના એ પરીક્ષાને કેન્દ્રમાં રાખીને બનાવે છે. નીટ જેવા રાષ્ટ્રીય સ્તરના પરીક્ષાવિવાદે બતાવ્યું કે પરીક્ષા વ્યવસ્થા અંગેનો વિશ્વાસ કેટલો નાજુક છે. લાખો વિદ્યાર્થીઓ એક જ પરીક્ષા માટે વર્ષો સુધી મહેનત કરે છે. કોઈ ગેરરીતિનો આક્ષેપ થાય ત્યારે તેની અસર માત્ર થોડા ઉમેદવારો પૂરતી રહેતી નથી.

પ્રશ્ન એ પણ છે કે જે વિદ્યાર્થીએ ઈમાનદારીથી મહેનત કરી છે, તેને પોતાની નિર્દોષતા શા માટે સાબિત કરવી પડે? અને બીજી તરફ જો ખરેખર ગેરરીતિ થઈ હોય તો માત્ર "થોડા વિદ્યાર્થીઓને બચાવવા" માટે સમગ્ર વ્યવસ્થા પર પડદો પણ ન પાડી શકાય. અહીંથી સરકારની જવાબદારી શરૂ થાય છે. પરીક્ષા રદ કરવી સૌથી સરળ દવા છે? કદાચ નહીં. પરીક્ષા રદ કરવી ક્યારેક જરૂરી બની શકે. પરંતુ તે અંતિમ ઉકેલ નથી. પરીક્ષા રદ કર્યા પછી ફરી પરીક્ષા લેવાય. ફરી વિદ્યાર્થીઓ તૈયારી કરે. ફરી સમય જાય. ફરી ખર્ચ થાય.

અને જો દોષિત કોણ છે તે શોધવામાં વર્ષો લાગી જાય તો? દોષિતને સજા અને નિર્દોષને રાહ–આ ન્યાય નથી. સરકારે એવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ કે ગેરરીતિનો પુરાવો મળે ત્યારે આખી પ્રક્રિયાને અંધાધૂંધ રદ કરવાની જરૂર ન પડે. ડિજિટલ ટ્રેકિંગ, સુરક્ષિત પ્રશ્નપત્ર વ્યવસ્થા, મજબૂત દેખરેખ, ઝડપી તપાસ અને જવાબદારી નક્કી કરવાની વ્યવસ્થા જરૂરી છે. ઝારખંડના વિદ્યાર્થીઓએ સરકારને સવાલ પૂછ્યો–એ લોકશાહીની સારી નિશાની છે. પરંતુ આંદોલનની સાચી જીત ત્યારે થશે જ્યારે આગામી ભરતી પરીક્ષા પહેલાં કોઈ વિદ્યાર્થીને એવું ન કહેવું પડે કે પેપર લીક થશે તો? અથવા પરીક્ષા આપીશું, પણ પરિણામ આવશે તેની ખાતરી છે? અથવા પાસ થઈ જઈશું તો પણ નોકરી રહેશે કે નહીં? આ ભય દૂર કરવો એ સરકારની જવાબદારી છે.

સરકાર માટે પણ આ એક તક છે. વિદ્યાર્થી આંદોલનને માત્ર દબાણ તરીકે જોવાને બદલે સરકારોએ તેને ચેતવણી તરીકે જોવું જોઈએ. યુવાનો નોકરી માગે છે એ સ્વાભાવિક છે. પરંતુ તેઓ માત્ર નોકરી નથી માગતા. તેઓ વિશ્વસનીય પ્રક્રિયા માગે છે.

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

> **સવાલ એ છે કે સરકાર ઝૂકી પછી જે નિર્ણય લે છે, તેનાથી ખરેખર ન્યાય થાય છે કે એક અન્યાય દૂર કરવામાં બીજો અન્યાય ઊભો થાય છે?**

ઈજનેરી કોલેજોની હાલત ...

દેશમાં અને રાજ્યમાં ઈજનેરી શિક્ષણની હાલત ખરાબ છે. તામીલનાડુ રાજ્યમાં ૨૩ ઈજનેરી કોલેજ એવી છે જ્યાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો નથી. અને ૧૬૭ કોલેજ એવી છે જ્યાં દસ ટકા જ બેઠકો ભરાઈ છે. અને આ સ્થિતિ માત્ર તામીલનાડુ જ નહિ બધા રાજ્યોની છે. ગુજરાતમાં ઈજનેરી કોલેજોમાં દર વર્ષે ૪૫ થી ૫૦ ટકા બેઠકો ખાલી રહે છે. કેટલીક બ્રાંચને અને કેટલીક કોલેજોને છોડતા બધે આ સમસ્યા ગંભીર બનતી જાય છે.

દેશભરમાં અંદાજે મંજૂરી હોય એવી લગભગ ૬૦૦૦ એન્જિનિયરિંગ અને ટેકનિકલ સંસ્થાઓ કાર્યરત છે મંત્રાલયનાં ડેટા મુજબ, એન્જિનિયરિંગની કુલ મંજૂર બેઠકોમાંથી દર વર્ષે સરેરાશ ૩૦% થી ૩૫% બેઠકો ખાલી રહે છે. ઉદાહરણ તરીકે, અગાઉના સત્તાવાર શૈક્ષણિક વર્ષોના વિશ્લેષણમાં સામે આવ્યું હતું કે ૧૨.૫ લાખથી વધુ મંજૂર બેઠકોમાંથી અંદાજે ૪.૨૧ લાખથી વધુ બેઠકો પર પ્રવેશ થયા નહોતા. અગ્રણી સંસ્થાઓમાં બધી બેઠકો ભરાઈ જાય છે, પરંતુ ટાયર-૨ અને ટાયર-૩ શહેરોની ઘણી ખાનગી કોલેજોમાં બેઠકો ખાલી રહેવાનું પ્રમાણ ૫૦% કે તેથી વધુ સુધી પહોંચી જાય છે. આજ કારણે ઈજનેરી કોલેજ બંધ થવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. તાજેતરના ડેટા મુજબ, માત્ર ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષમાં જ દેશભરમાં ૫૮ એન્જિનિયરિંગ અને ટેકનિકલ કોલેજો બંધ થઇ હતી. જો છેલ્લા ૫ વર્ષનો ઓલ-ઈન્ડિયા ટ્રેન્ડ જોઈએ તો, હીરા અને ગુણવત્તા વિહોણી તેમજ ઓછી નોંધણી ધરાવતી સેંકડો ખાનગી કોલેજો અને હજારો ટેકનિકલ અભ્યાસક્રમો તબક્કાવાર બંધ કે ડિસકન્ટિન્યુ કરવામાં આવ્યા છે. આ મામલે ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં સૌથી વધુ કોલેજો બંધ થઈ છે.

સરકારે અને સંસ્થાએ સમજવું પડશે કે, ઈજનેરી શિક્ષણમાં ટ્રેન્ડ બદલાઈ રહ્યા છે. અમુક કોર્ષમાં ડીમાંડ છે અને અમુકમાં કોઈ વિદ્યાર્થી જવા માગતો નથી. આ ક્ષેત્ર માટે સરકારે નવી નીતિ બનાવવી રહી. ક્યા ક્ષેત્રોમાં રોજગારીની તકો છે એ પાસું પણ ધ્યાનમાં લેવું પડશે. લાખો રૂપિયા ખર્ચી નોકરી ના મળે તો યુવાનો હતાશ થાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## 'ઈશ્વર' એક મિત્ર



એક ખ્રિસ્તી પાદરી હતા. પોતાના ભગવાનની સવાર સાંજ પ્રાર્થના કરે અને લોકોને પણ સતત ઈશ્વરને પ્રેમ કરવાનો અને બધાને પ્રેમ કરવાનો સંદેશ આપે. આ ખ્રિસ્તી પાદરીના ઘરની બાજુમાં એક શરાબી અને જુગારી માણસ રહેતો હતો. પાદરી જયારે તક મળે તેને સમજાવે પણ તે કઈ સમજે નહિ અને બરાબર ફાધરની પ્રાર્થના કરવાના પ્રસંગે જોરજોરથી બરડા પડે. ગીતો ગાય ...અથવા કોઈ જોડે ઝઘડા કરે... યેનકેન પ્રકારે મોટા અવાજ કરી ફાધરની પ્રાર્થનામાં ખલેલ પહોંચાડે.

પાદરીને દુઃખ થાય કે પ્રાર્થના બરાબર શાંતિથી થતી નથી. કોઈવાર ગુસ્સો આવે પણ તેને ક્ષમા કરી દે. એક દિવસ સાંજે ફાધરે પ્રાર્થના કરવાની શરૂઆત કરી અને આ બાજુ પેલા શરાબી પાડોશીએ જોર જોરથી ગીતો ગાવાનું શરૂ કર્યું. ખબર નહીં કેમ પણ આજે ફાધર ખુબ જ ગુસ્સે થઇ ગયા અને જોરથી પોતાના ઘેનો દરવાજો ખોલી ગુસ્સાથી રાત પીળા થઇ પાડોશીને ચૂપ કરાવવા તેના ઘરે પહોંચી ગયા. ફાધર એટલા ગુસ્સામાં હતા કે આજે તો પેલા શરાબીને જે હાથમાં આવત તેનાથી મારત પણ જેવા ફાધર શરાબીના ઘરમાં પહોંચ્યા અને તેને ચૂપ કરાવવા તેની પર હાથ ઉગામવા જાય ત્યાજ તેમના અંતરમનમાંથી જાણે ઈશ્વરનો અવાજ આવ્યો, 'જો જે એ મારો મિત્ર છે ..મારા મિત્ર પર હાથ ન ઉગામતો..'

ફાધરને જેવો આ અવાજ સંભળાયો ..કે તુરંત તેઓ પાછા વળી ગયા કઈ બોલ્યા નહીં. પેલા શરાબી પાડોશીને આશ્ચર્ય થયું કે ગુસ્સામાં આવેલા ફાધર કશું જ બોલ્યા વિના પાછા ફરી ગયા.....તે તેમની પાછળ ગયો અને બોલ્યો, 'ફાધર, તમે તો ગુસ્સામાં જાણે મને મારવાના હો તે રીતે આવ્યા હતા અને કેમ કઈ કહ્યા વિના પાછા જઈ રહ્યા છો.' ફાધર તો શરાબીને ભેટી જ પડ્યા અને પછી પ્રેમથી બોલ્યા, 'હું તારો ખુબ ખુબ આભારી છું કારણકે આટલા વર્ષોથી રોજ ઈશ્વરની પ્રાર્થના કરું છું પણ આજે પહેલીવાર તારા લીધે મને ઈશ્વરનો અવાજ સાંભળવા મળ્યો.' શરાબી પાડોશીએ પૂછ્યું, 'ઈશ્વરનો અવાજ? એટલે શું સંભળાયું તમને?' ફાધરે કહ્યું, 'મને જે ઈશ્વરનો અવાજ સંભળાયો તેમાં ઈશ્વરે કહ્યું 'જો જે મારા મિત્રને પર હાથ ન ઉગામતો' અને બસ ઈશ્વરનો આ અવાજ સાંભળી તેમની આજ્ઞા માની હું પાછો જઈ રહ્યો છું. અને હું તમારા લીધે ઈશ્વરનો અવાજ પહેલીવાર સાંભળી શક્યો છું માટે તમારો ખુબ ખુબ આભાર.' ફાધર જતા રહ્યા. પણ શરાબીની આંખો ખોલી ગયા શરાબીએ બીજે દિવસે આવી ફાધરને કહ્યું, 'મારે મારા મિત્ર ઈશ્વરને મળવું છે. જે હું કોઈ રીતે લાયક ન હોવા છતાં મને આટલો પ્રેમ કરે છે. આપ મને મારો મિત્ર શોધવામાં મદદ કરશો.' ફાધર અને શરાબી પડોશી સાથે પ્રાર્થના કરવા લાગ્યા.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# એકલા હાથે ઝુંબેશ ચલાવતા રાહુલ ગાંધી અને આળસ છોડવાનો ઈનકાર કરતું કોંગ્રેસનું જડ સંગઠન

એક તરફ એકલા હાથે ઝુંબેશ ચલાવતા સક્રિય નેતા અને બીજી તરફ પોતાની આળસ તથા નિષ્ક્રિયતા છોડવાનો ઈનકાર કરતું જડ સંગઠન. આ વિરોધાભાસે દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસને મુશ્કેલી અને અસમંજસમાં મૂકી દીધી છે. પાર્ટીના રાજકીય પ્રતિસ્પર્ધીઓ નહીં, પરંતુ કોંગ્રેસનું ટોચનું નેતૃત્વ જ આ મૂંઝવણ માટે જવાબદાર છે અને આ સ્થિતિમાંથી બહાર નીકળવા માટે કોઈ ઉતાવળ પણ દેખાતી નથી. એમાં કોઈ શંકા નથી કે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સતત સક્રિય રહ્યા છે. લોકસભાના સાંસદ તરીકેની તેમની પહેલી બે મુદત અને ત્યારબાદ કોંગ્રેસ પ્રમુખ બનવા સુધીના સમયગાળામાં એક અનિચ્છુક રાજકારણીમાંથી તેઓ આજે સક્રિય, પ્રભાવશાળી અને રાજકીય-સામાજિક મુદ્દાઓને હિંમતપૂર્વક ઉઠાવનારા નેતા બન્યા છે. સૌથી મહત્વની વાત એ છે કે તેઓ નવી પેઢી અથવા 'જેન ઝી' સાથે પણ જોડાણ સાધવામાં સફળ રહ્યા છે.

પરંતુ રાહુલ ગાંધીના હાઈ-પ્રોફાઈલ વ્યક્તિગત સંપર્ક અભિયાન અને કોંગ્રેસની ધીમી તથા નિષ્ક્રિય છાપ વચ્ચેનો વિરોધાભાસ પાર્ટીના ઊંડા માળખાકીય પતનને છતો કરે છે. મોટા પાયે ચલાવવામાં આવતાં જનસંપર્ક અભિયાનો સ્થાનિક સંગઠનમાં ગતિ લાવવામાં નિષ્ફળ જાય છે ત્યારે રાષ્ટ્રીય સ્તરના પ્રચાર અને જમીની સ્તરના અમલીકરણ વચ્ચેનું અંતર સ્પષ્ટ થઈ જાય છે. આવું વારંવાર બન્યું છે, છતાં તેમાંથી કોઈ બોધપાઠ લેવામાં આવતો નથી. મહત્વના રાષ્ટ્રીય મુદ્દાઓ પર રાહુલ ગાંધીની રજૂઆતો અને સૂચનો હોવા છતાં, સમગ્ર દેશમાં ફેલાયેલા કોંગ્રેસના વિશાળ સંગઠનમાં તેઓ હજુ પણ એક 'એકલા અટૂલા' નેતા હોય તેવી છાપ ઊભી થાય છે. સવાલ એ છે કે આવું શા માટે? શું તેમણે પોતાના સંગઠન પ્રત્યેના અભિગમમાં ફેરફાર કરવાની જરૂર નથી? જે રીતે તેઓ વ્યક્તિગત પ્રયાસોમાં સક્રિય છે, તેવી જ સક્રિયતા પાર્ટી અને તેના નેતાઓને યોગ્ય દિશામાં લાવવામાં કેમ દેખાતી નથી?

ગુજરાત પ્રવાસ દરમિયાન તેમણે રાજ્ય કોંગ્રેસમાં સક્રિય ભાજપના 'સ્લીપર સેલ્સ' હોવાની વાત કરી હતી અને કડક કાર્યવાહીની જરૂરિયાત દર્શાવી હતી. આ વાતને મહિનાઓ વીતી ગયા હોવા છતાં તેના પર કોઈ અસરકારક પગલાં લેવાયા નથી.આવા મુદ્દાઓ પર તાત્કાલિક પગલાં લેવાથી રાહુલ ગાંધીને નિર્ણાયક સરસાઈ મળી હોત અને સંગઠનને મજબૂત બનાવવાનું કામ આસાન બન્યું હોત. અનિર્ણાયકતાએ તેમની નબળાઈ દર્શાવી હોય તો બીજી તરફ આ વલણે પાર્ટીની અંદર અવરોધ ઊભો કરનારા તત્વોને વધુ પ્રોત્સાહન આપ્યું છે. અનિર્ણાયકતા, કડક નિર્ણયો લેવામાં ખચકાટ અને કેટલાક ટોચના નેતાઓના 'ફેવરિટ' હોવાના નામે નિષ્ફળ નેતાઓનું રક્ષણ કરવાની વૃત્તિ કોંગ્રેસ માટે શાપરૂપ બની ગઈ છે. રાહુલ ગાંધી અને અન્ય નેતાઓ આ સ્થિતિથી અજાણ છે એવું માનવું મુશ્કેલ છે. આશ્ચર્યની વાત એ છે કે સ્થિતિ સુધારવા માટે જરૂરી નિર્ણયો લેવામાં હજુ પણ ઢીલ કરવામાં આવી રહી છે. તેનું નુકસાન માત્ર પાર્ટીને નહીં, પરંતુ દેશની લોકશાહી વ્યવસ્થાને પણ થાય છે, કારણ કે મજબૂત વિરોધ પક્ષ લોકશાહી માટે જરૂરી છે. રાહુલ ગાંધીના 'એકલા અટૂલા' હોવા પાછળનું એક મોટું કારણ એ પણ છે કે AICC અને PCCમાં તેમની આસપાસના કેટલાક નેતાઓ પોતાની જવાબદારીમાંથી છટકી જવાનો સરળ રસ્તો શોધી ચૂક્યા છે. 'રાહુલ ગાંધી નારાજ થઈ જશે' તેમ કહીને ચોક્કસ નિર્ણયો ટાળવામાં આવે છે. AICC કે PCC સ્તરે સંગઠનાત્મક ફેરફારો કરવામાં મહિનાઓ કે ક્યારેક વર્ષો લાગી જાય તે કેવી રીતે યોગ્ય ગણાય? નિષ્ફળ નેતાને લાંબા સમય સુધી હોદ્દા પર રાખવો અને બાદમાં તેને વધુ જવાબદારી આપવી એ સંગઠન માટે નુકસાનકારક છે. આનું એક ઉદાહરણ સંવેદનશીલ અને વ્યૂહાત્મક રાજ્ય જમ્મુ-કાશ્મીરમાં જોવા મળે છે. કોંગ્રેસ ત્યાં રાષ્ટ્રીય પક્ષ તરીકે મહત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે, પરંતુ સંગઠનાત્મક ખામીઓ તેને પાછળ ધકેલી રહી છે. PCC પ્રમુખ તારિક હમીદ કરાના કાર્યકાળના બે વર્ષ પૂર્ણ થયા છે. તેમની કાર્યશૈલી અને સામાન્ય કાર્યકરો સાથેના સંપર્ક અંગે ઊભા થયેલા પ્રશ્નો વચ્ચે આ સમયગાળો તેમના કામની સમીક્ષા કરવાનો હતો. પરંતુ તેના બદલે નવું સંગઠનાત્મક માળખું તૈયાર કરવા AICCના પ્રભારી સૈયદ નસીર હુસૈન કાશ્મીર પહોંચ્યા હતા. આ બધું કરા દ્વારા પક્ષના કાર્યાલયમાં યોજાયેલા સ્વતંત્રતા દિવસના કાર્યક્રમમાં હાજર ન રહેવાના વિવાદની પૃષ્ઠભૂમિ વચ્ચે બન્યું.

શું હોદ્દા પર બે વર્ષ પૂર્ણ થવાનો સમય રિપોર્ટ કાર્ડ માગવાનો સમય ન હોવો જોઈએ? AICCથી લઈને PCC સુધીના દરેક હોદ્દેદારનું ચાલુ રહેવું તેમના પ્રદર્શન સાથે જોડાયેલું હોવું જોઈએ. સંગઠનમાં જવાબદારીનું આ મૂળભૂત સિદ્ધાંત બનવું જોઈએ.

પોતાના પ્રદર્શનના આધારે ટકી રહેવાને બદલે રાહુલ ગાંધીની નજીક રહેવું વધુ સરળ રસ્તો બની જાય છે. વૃદ્ધ અને લાંબા સમયથી જમાવટ કરી ચૂકેલા પ્રાદેશિક તથા રાષ્ટ્રીય નેતાઓની સેવાઓનો યોગ્ય ઉપયોગ કરવો અને સાથે પેઢીગત પરિવર્તન લાવવું રાહુલ ગાંધી માટે મોટો પડકાર છે. તેમણે એકલા હાથે કામ કરવાને બદલે સક્ષમ અને વિશ્વસનીય સલાહકારોની ટીમ ઊભી કરવાની જરૂર છે, જેથી 'ગાંધી બ્રાન્ડ' પરની અતિશય નિર્ભરતા ઘટે.

આ સ્થિતિનું બીજું ઉદાહરણ પંજાબમાં જોવા મળે છે. અહીં જૂના નેતાઓ એક થઈને પેઢીગત પરિવર્તનને અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની ચર્ચા છે. રાહુલ ગાંધીના વફાદાર ગણાતા PCC પ્રમુખ અમરિંદર સિંહ રાજા વડિંગે પણ હોદ્દા પર બે વર્ષ પૂર્ણ કર્યા છે. 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં રાજ્યમાં ગંભીર જૂથબંધી જોવા મળી રહી છે. જૂના નેતાઓ આ સ્થિતિનો લાભ લઈ રહ્યા છે તે સાચું છે, પરંતુ સાથે સાથે તે વડિંગની કામગીરી અને કેન્દ્રીય નેતૃત્વના સંચાલન પર પણ સવાલ ઊભા કરે છે.

આવી પરિસ્થિતિનો સામનો માત્ર ઝડપી અને કડક નિર્ણયો દ્વારા જ થઈ શકે. પછી ભલે તે જમ્મુ-કાશ્મીર હોય કે પંજાબ, પક્ષના સમગ્ર હિતમાં જરૂરી હોય તો કહેવાતા 'વફાદાર'ને પણ જવાબદારીમાંથી દૂર કરવાનો નિર્ણય લેવો પડે. કોંગ્રેસને આજે સૌથી વધુ જરૂર છે સક્રિય નેતૃત્વની સાથે જવાબદારી, યોગ્ય વ્યક્તિની યોગ્ય જગ્યાએ પસંદગી અને સમયસર નિર્ણય લેવાની. માત્ર નેતાની સક્રિયતા પૂરતી નથી; સંગઠન પણ એટલી જ ઝડપથી ચાલે ત્યારે જ રાજકીય ઝુંબેશનું પરિણામ જમીન પર દેખાશે.

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

> **તેમણે એકલા હાથે કામ કરવાને બદલે સક્ષમ અને વિશ્વસનીય સલાહકારોની ટીમ ઊભી કરવાની જરૂર છે, જેથી 'ગાંધી બ્રાન્ડ' પરની અતિશય નિર્ભરતા ઘટે**

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## આર્યુવેદ અપનાવો નિરોગી જીવન જીવો

મિત્રો પક્ષીઓ કે વાંદરાઓને બીમાર પડતા ક્યારેય તમે જોયા છે? વાંદરાઓને હાર્ટએટેક ડાયાબિટીસ કે બીપી નથી થતું. જો બીમાર થાય તો સાજો થતો નથી. મૃત્યુ પામે છે. અમેરિકાની મેડિકલ કોલેજમાં થયેલ સંશોધન મુજબ વાંદરાઓને બીમાર પાડવા જાત જાતના બેક્ટેરિયા અને જીવલેણ વાયરસ તેના શરીરમાં દાખલ કર્યા છતાં 15 વર્ષ સુધી વાંદરાઓને કાંઈ ન થયું. કારણ કે તેનું આયર્ન ફેક્ટર સારું હોય છે. પક્ષીઓ અને જાનવરો સવાર પડતા જ ભરપેટ ખાતા હોય છે. માનવ પર પ્રયોગથી જાણવા મળ્યું છે કે જે સવારે ભરપેટ ખવાય છે ત્યારે સવારે પાચનશક્તિ તીવ્ર હોવાથી કોઈ રોગ થતા નથી. આપણે સવારે માત્ર નાસ્તો કરીએ છીએ આ પ્રથા અંગ્રેજો લાવેલા છે. રાત્રે ભોજન સૂર્ય આથમતા પહેલા અડધી કલાકે કરી લેવું જોઈએ તો ઘણી બીમારીથી બચી શકાય છે. સૂર્ય ઊગે પછી અઢી કલાકની જઠરાગ્નિ તીવ્ર હોય છે. સવારના સ્નાન બાદ વધુ તીવ્ર બને. સવારે ભોજન કરવું ઉત્તમ છે. બે ભોજન વચ્ચે ચારથી આઠ કલાકનો સમય રાખો. દિવસ આથમ્યા પછી ક્યારે ન ખાવું. કુદરત સાથે અને કુદરતી જીવન જીવવાથી વધુ સ્વસ્થ રહી શકાય છે. રાત્રે સુતા પહેલા એક કપ દૂધમાં હળદર અને થોડા મરીનો ભૂકો નાખી પીવાથી તંદુરસ્ત રહેવાય છે. સ્વસ્થ રહો અને સ્વસ્થ રાખો.

**સુરત - લેખન યોગેન્દ્ર પટેલ**

## કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬

સ્કોટલેન્ડનાં ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ યોજવામાં આવ્યો. ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદ ખાતે યોજવામાં આવશે. ગ્લાસગોમાં સમાપન સમારંભમાં કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ અને યજમાન બેટન ઔપચારિક રીતે અમદાવાદને સોંપવામાં આવશે. સાથે અમદાવાદની કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ યાત્રાનો સમાચાર પ્રારંભ થશે. સમાપન સમારંભની ઉજવણીમાં ગુજરાતનું અને અમદાવાદમાં શું જોવા મળશે તેની ઝલક રજૂ કરવામાં આવશે. આ વખતના કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનું પ્રદર્શન સારૂ રહ્યું? બોક્સિંગમાં કુલ ૧૪ ગોલ્ડ મેડલમાંથી ૭ ગોલ્ડ મેડલ ભારતને મળ્યા. ભારતને મળેલ કુલ ૧૩ ગોલ્ડ મેડલમાંથી ૭ ગોલ્ડ મેડલ મહિલાને મળ્યા છે. તે નોંધનીય છે. તો સાથે એક બીજી વિશેષ મહત્વની વાત ફાતિમા ઝોહરા એ પાકિસ્તાનની ૨૨ વર્ષિય મહિલાએ ૬૦ કિલોગ્રામ વર્ગમાં બોક્સિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. પોતાની સફળતાનો શ્રેય ફાતિમાએ ભારતની વર્લ્ડ ચેમ્પિયન અને ઓલમ્પિક મેડાલિસ્ટ મેરી કોમને આપ્યો. મેરી કોમની જેમ ફાતિમાએ પણ સમાજના તથા પરિવારના વિરોધનો સામનો કર્યો.

**સુરત - સુધીર શાહ**

## અનામત દૂર થવું જોઈએ

અનામતનાં ટૂંકમાં વ્યાખ્યા સમજીએ તો એક યોગ્ય વ્યક્તિને અન્યાય કરીને અન્ય દિવ્યાંગ ક્ષમ વ્યક્તિને તેનો હક્ક આપવો! આજે વર્તમાન સરકાર દરેક ક્ષેત્રે 'સમાનતા' નો રાગ આલાપે છે દેશ ના દરેક ધર્મના વ્યક્તિને શિક્ષણ ધારણ કરવામાં સમાન અધિકાર છે પરંતુ વાસ્તવિકતા આપણી સમક્ષ છે જો સરકાર સમાનતાને જ આધાર માનતી હોય તો પછી દેશમા અનામત દૂર થવું જ જોઈએ આ અંગે અનામત મેળવનાર પોતે પણ અનામત વિરોધી વિરોધમાં સમર્થન આપી રહ્યા છે.

**સુરત - રાજુ રાવલ**

## જાગીશું નહીં તો ભોગ બનીશું

પૈસા, ભ્રષ્ટાચાર, હપ્તાખોરી આગળ જીવની કોઈ કિંમત નથી. મૂલ્યને કોરાણે મૂકી લોકોને લૂંટી લેવાની હોડમાં ખાદ્ય સામગ્રી વેચનાર દયાહીન બની રહ્યા છે. ફૂડ - આરોગ્ય વિભાગની ટીમ કેમ સમજાતું નથી કે તહેવારોમાં મિલાવટવાળી ખાદ્ય સામગ્રી બજારમાં ઉતરી ગયા પછી,લોકોના પેટમાં ગયા પછી નમુના લેવાનો કોઈ અર્થ ખરો? આવા ટેસ્ટીંગ ગોડાઉન્સ અને હોલસેલર્સ પર થવા જરૂરી છે. સ્ટાફની ઘટ,ટેસ્ટીંગ માટે વધુ સમય જરૂરીની પીપૂડી વગાડવી એ વહીવટી ઈચ્છા શક્તિનો અભાવ દર્શાવે છે. તંત્ર એની લાંબી પ્રક્રિયામાં ગોઠવાયેલું રહેશે,પણ હવે જાગવાનો સમય ગ્રાહકોનો છે. તંત્ર રૂટીન સેમ્પલિંગ કરતું રહેશે અને પ્રજા ભોગવતી રહેશે.હોટેલોમાં તો પૂર્વ આયોજન સાથે ગમે ત્યારે સઘન ચેકીંગ કે દરોડા પાડી, સેમ્પલ ટેસ્ટિંગ થઈ શકે.જો આમ થાય તો ખાદ્યસામગ્રી વેચનારને કાયદાનો ડર રહે.'મન હોય તો માળવે જવાય'ને!ભેળસેળ કરતા પકડાયેલ ને નજીવો દંડ અને કાનૂની પ્રક્રિયા લાંબી હોવાના પરિણામે આવો ગુનો આચરવાનો ડર જ રહ્યો નથી.હવે પ્રજાએ પણ દેખાદેખી હોટેલોમાં ભીડ કરી કે ગંદકીવાળા સ્થળોએ ઊભેલી લારીઓ કે રેંકડી પરથી ખાઈને સ્વાસ્થ્યને બગાડવાનો કે મૃત્યુ સુધી લાંબા થવાને બદલે જાગવાનો સમય આવી ગયો છે. 'પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર'

**સુરત - અરુણ પંડ્યા**

## અધિકારીઓની નજરે કેમ નથી પડતું?

સુરતમાં બનેલી ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ આરોગ્ય અને ખોરાક વિભાગ ૫ વર્ષની દિકરીને ન્યાય અપાવવા કે પોતાની કામગીરીનો દેખાવો કરી, વાહ..વાહ.. ઈચ્છે છે? રેસ્ટોરન્ટને નોટિસ આપવી અને સીલ કરવું કોઈ માસૂમ કે નિર્દોષ નાગરિકના જીવનની કિંમતે કરવાનો ખેલ નથી. સમયાંતરે કરવાની કામગીરી અને ફરજ નિભાવવામાં બિલકુલ ચૂક ન થવી જોઈએ. અને જો ચૂક થાય તો એ સ્પષ્ટ કામચોરી, બેદરકારી અને ભ્રષ્ટાચાર તરફ આંગળી ચીંધે છે. જો અધિકારી સ્થાને 'I' (હું) કરી શકું ની ભાવના ન હોય 'AI' ની પડખે ઊભું ભારત હજુ ખોરાકની ગુણવત્તા ચકાસવા AI કેમેરા અને સેન્સર લાવે. કોઈ પણ ઘટના બન્યા બાદ વિવિધ તંત્રોની આંખો ઉઘડવી એ હકીકત છે. સુરતમાં આજે પણ લાયસન્સ, વીમો, પી.યુ.સી., વિના ઘણાં વાહનો ખુલ્લે આમ ફરે છે. જેની માહિતી સામાન્ય નાગરિકને એમ-પરિવહન જેવા સોફ્ટવેરથી જોઈ શકતા હોય તો પ્રશાસન કેમ નહીં? ૩ પેસેન્જરની મંજૂરી સાથેની રિક્ષા બાર થી પંદર પેસેન્જરો ભરીને રસ્તા ઉપર દોડે છે. જેનાં ભાગીદાર અને શિકાર જનતા પોતે છે. તો શું આ બધું અધિકારીઓની નજરે કેમ નથી પડતું? લાયસન્સ વિના ચાલતો કારોબાર તેમજ હલકી ગુણવત્તાવાળી વસ્તુઓનાં ઉપભોક્તા સુરતમાં જ નહીં સમગ્ર ગુજરાતમાં મનમાની અને જાનહાનિ કરી રહ્યા છે. દેશને આઝાદ થયાનાં ૮૦ વર્ષ બાદ બલિદાન અને શહીદી આજે પણ નિર્દોષો આપી રહ્યાં છે.

**વેસ્મા - શાહીદ કુરેશી**

## ધર્મના મર્મને ક્યારે જાણશું?

હિન્દુ શ્રાવણ મહિનાની શરૂઆત થઈ ગઈ છે. આ પવિત્ર મહિનામાં લોકોની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ સરાહનીય છે. પરંતુ મનમાં એક પ્રશ્ન થાય છે કે આપણા દેશમાં ભગવાનને માનનારા કરોડો છે, તો ભગવાનનું માનનારા કેટલા? આજે સ્થિતિ એવી છે કે લોકો ભગવાનને માને છે, પરંતુ ભગવાનનું માનતા નથી. ટીવી, મોબાઈલ અને સામાજિક પ્રસંગોમાં બાબાઓ તથા કથાકારોનાં પ્રવચનો સાંભળીને લોકો તેને જ ભક્તિની સાચી રીત માની બેઠા છે. ફૂલ, ફળ, નારિયેળ અને છપ્પન ભોગ ચઢાવવાથી ભગવાન પ્રસન્ન થાય કે પોતાના સ્વભાવ, વ્યવહાર અને ચરિત્રમાં રામાયણ, મહાભારત, ગીતા તથા પુરાણોના ગુણો ઉતારવાથી? આ વિચારવાનો વિષય છે. ધાર્મિક ગ્રંથો જાતે વાંચીને ધર્મનો મર્મ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. પથ્થરની મૂર્તિ કે શિવલિંગ પર દૂધ, ફળ અને ભોજનનો બગાડ કરવાને બદલે એ જ વસ્તુઓ ગરીબો અને જરૂરિયાતમંદોને અર્પણ કરીએ તો સાચી માનવસેવા થઈ શકે. કારણ કે ધર્મનો મૂળ સંદેશ જ છે કે દીન-દુઃખિયાની સેવા એ પ્રભુ સેવા છે. આ શ્રાવણમાં આપણે ઢોંગ અને અંધશ્રદ્ધાથી મુક્ત થઈ સાચા ધર્મને સમજવાનો સંકલ્પ કરીએ અને પ્રભુએ ચીંધેલા માનવસેવા તથા સદાચારના માર્ગે ચાલીએ.

**તાપી - યોગેશકુમાર પટેલ**